ઉર્વશીનો '1500 કરોડ'નો અવતાર: કાન્સમાં પહેર્યો એટલો મોંઘો ડ્રેસ કે જેમાં IPLની 10 ટીમો આવી જાય!

કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ 2026માં બોલિવૂડ અભિનેત્રી ઉર્વશી રૌતેલાએ પોતાના લૂકથી આખા વિશ્વને ચોંકાવી દીધું છે. ઉર્વશીએ રેડ કાર્પેટ પર આશરે 1500 કરોડની કિંમતનો અત્યંત કિંમતી ડ્રેસ પહેર્યો હતો, જેની કિંમત સાંભળીને લોકો આશ્ચર્યચકિત થઇ ગયા છે. સોશિયલ મીડિયા પર ફેન્સ રમુજમાં કહી રહ્યા છે કે આ ડ્રેસની કિંમતમાં તો IPLની 10 ટીમો ખરીદી શકાય! વિયેતનામના ફેમસ ફેશન હાઉસ 'જોલીપોલી કોચર' દ્વારા તૈયાર કરાયેલો આ ડ્રેસ અત્યાર સુધીનો સૌથી મોંઘો પોશાક મનાઈ રહ્યો છે. આ લૂક દ્વારા ઉર્વશીએ અંબાણી પરિવારના ઘરેણાં અને મોંઘા ડ્રેસના રેકોર્ડ પણ તોડી નાખ્યા છે. વૈશ્વિક મંચ પર ઉર્વશીનો આ અંદાજ ચર્ચાનો વિષય બન્યો છે.

જાવેદ જાફરીની પત્ની સાથે 16.24 કરોડની ઠગાઇ

મુંબઇ ક્રાઇમ બ્રાન્ચે એક્ટર જાવેદ જાફરીની પત્ની હબીબા જાફરી સાથે થયેલી કરોડોની છેતરપિંડીના કેસમાં મુખ્ય આરોપીની ધરપકડ કરી છે. આ હાઈ-પ્રોફાઈલ કેસમાં BMCના આસિસ્ટન્ટ કમિશનર મહેશ પાટીલ સહિત 6 લોકો સામે ગુનો દાખલ થયો છે. અંધેરીના બંગલાના પ્રોપર્ટી ટેક્સ સેટલમેન્ટના બહાને આ કૌભાંડ શરૂ થયું હતું. આરોપીઓએ બાંદ્રાના એક પ્રોજેક્ટમાં રોકાણના નામે વિશ્વાસ જીતવા નકલી નકશા અને લેટરહેડ બતાવ્યા હતા. હદ તો ત્યારે થઈ જ્યારે આરોપીઓ સરકારી મશીનો જેવી ડિવાઈસ લઈને જાફરીના ઘરે પહોંચ્યા અને ત્યાં જ હબીબાના ફિંગરપ્રિન્ટ લઈ નકલી રજિસ્ટ્રી કરી દીધી. આરોપીઓએ ડિસેમ્બર 2025 સુધીમાં કબજો આપવાનું વચન આપી કુલ 16.24 કરોડ પડાવી લીધા હતા. હાલ પોલીસ આ રેકેટના અન્ય સભ્યોની તપાસ કરી રહી છે.

કાન્સના રેડ કાર્પેટ પર ગુંજ્યો ભારતીય સંસ્કૃતિનો નાદ: આરતી ખેતરપાલ હાથમાં 'ગીતા' લઈને પહોંચી!



કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ 2026માં ભારતીય ઉદ્યોગસાહસિક અને સોશિયલ મીડિયા પર્સનાલિટી આરતી ખેતરપાલે પોતાના અનોખા અંદાજથી સૌના દિલ જીતી લીધા છે. ગ્લેમરસ ગાઉનની સાથે આરતી રેડ કાર્પેટ પર હાથમાં પવિત્ર 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' લઈને ઉતરી હતી. વિદેશી ધરતી પર ગ્લેમરના ઝાકઝમાળ વચ્ચે ભારતીય આધ્યાત્મિકતા અને સંસ્કૃતિને આટલી ગૌરવભેર રજૂ કરવા બદલ સોશિયલ મીડિયા પર તેની ભારે પ્રશંસા થઈ રહી છે. નેટીઝન્સ આ પ્રયોગને "સંસ્કૃતિ અને મોડર્નિટીનું અદ્ભૂત મિશ્રણ" ગણાવી રહ્યા છે. આરતી અવારનવાર ભારતીય મૂલ્યો વિશે વાત કરતી હોય છે, પરંતુ કાન્સ જેવા વૈશ્વિક મંચ પર તેની આ સાદગી અને આત્મવિશ્વાસે તેને રાતોરાત ચર્ચામાં લાવી દીધી છે.

ગબ્બરના પરિવારની ખુમારી: 1.27 કરોડ લેવાના હોવા છતાં પત્નીએ અંડરવર્લ્ડની મદદ ઠુકરાવી!

દિગ્ગજ અભિનેતા અમજદ ખાનના નિધન બાદ ફિલ્મ ઇન્ડસ્ટ્રીના નામી નિર્માતાઓ પાસે તેમના 1.27 કરોડ બાકી હતા. અમજદ ખાનના પુત્ર શાદાબ ખાને ખુલાસો કર્યો કે, પિતાના અવસાનના થોડા મહિનાઓ પછી મિડલ ઈસ્ટના એક ગેંગસ્ટરે ફોન કરીને આ નાણાં વસૂલ કરી આપવાની ઓફર કરી હતી. જોકે, અમજદ ખાનની પત્ની શૈલા ખાને મક્કમતાથી આ મદદ ના પાડી દીધી. તેમણે કહ્યું કે, "મારા પતિએ ક્યારેય અંડરવર્લ્ડની મદદ લીધી નથી, તો હવે હું આ પરંપરા શરૂ કરવા નથી માંગતી. ઉપરવાળો અમારી રક્ષા કરશે." તે સમયે આ રકમથી પાલી હિલમાં 3-4 ફ્લેટ આવી શકતા હતા, તેમ છતાં પરિવારે સિદ્ધાંતો સાથે બાંધછોડ ન કરી.

યુકેનું મ્યુઝિયમ ૨૦૦૦ ઐતિહાસિક હસ્તપ્રતો જૈન સમાજને પરત કરશે

વેલકમ કલેક્શન નામના સંશોધન સંગ્રહાલય પાસે આ સદીઓ જૂની હસ્તલિખીત પ્રતો હતી

પાકૃત, સંસ્કૃત, ગુજરાતી, રાજસ્થાની વગેરે ભાષાઓમાં ધર્મ, ચિકિત્સા, સંસ્કૃતિ વગેરેને લગતા લખાણો છે

લંડન, ૧૫ મે(પીટીઆઈ): માનવ અનુભવો પર સંશોધન કરતા યુકેના અગ્રણી સંગ્રહાલયોમાંના એક, 'વેલકમ કલેક્શન' દ્વારા શુક્રવારે એક ઐતિહાસિક જાહેરાત કરવામાં આવી છે. આ જાહેરાત અંતર્ગત દક્ષિણ એશિયા બહાર રહેલા જૈન હસ્તપ્રતોના સંભવિત સૌથી મોટા સંગ્રહને પરત સોંપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે.

લંડન સ્થિત સંગ્રહમાં એક સદી કરતાં પણ વધુ સમયથી રાખવામાં આવેલી ૨,૦૦૦થી વધુ હસ્તપ્રતોની આ વાપસી, અહીંની 'ઇન્સ્ટિટ્યૂટ ઓફ જૈનોલોજી' સાથેની ચર્ચા અને સહયોગ બાદ શક્ય બની છે. આ સંગ્રહમાં ૧૫મી સદીની સચિત્ર હસ્તપ્રતોથી લઈને ૧૯મી સદીના અજોડ ગ્રંથો સામેલ છે, જે પ્રાકૃત, સંસ્કૃત, ગુજરાતી, રાજસ્થાની અને પ્રારંભિક હિન્દી લિપિમાં ધર્મ, સાહિત્ય, ચિકિત્સા અને સંસ્કૃતિને આવરી લે છે. તેમાં ભારતીય સ્વતંત્રતા સંગ્રામના નૈતિક સિદ્ધાંતોનું એક અજોડ અને પ્રભાવશાળી પ્રારંભિક ઉદાહરણ પણ સામેલ છે, જેમાંથી મહાત્મા ગાંધીએ પ્રેરણા લીધી હતી અને તેને પ્રખ્યાત કર્યા હતા. આ દસ્તાવેજ ભારતમાં બ્રિટિશ વસાહતી શાસનના પાયાની આકરી ટીકા કરે છે. અન્ય હસ્તપ્રતોમાં 'કલ્પસૂત્ર' નામના એક મહત્વપૂર્ણ જૈન શાસ્ત્રની "દુર્લભ અને ભવ્ય રીતે સચિત્ર" ૧૬મી સદીની શરૂઆતની નકલ સામેલ છે; આ ઉપરાંત ૧૬૮૮ની સાલની એક પાતળી, નાજુક અને જીર્ણ થઈ ગયેલી કાગળની હસ્તપ્રત પણ છે - જે સંભવતઃ પ્રારંભિક હિન્દીમાં નૈનસુખ રચિત પ્રથમ તબીબી ગ્રંથ 'વૈદ્યમનોત્સવ', ૧૫૯૨ની હયાત નકલોમાં સૌથી જૂની છે.

"બેરોજગાર યુવાનો 'વંદા'ની જેમ મીડિયા અને RTI એક્ટિવિસ્ટ બની જાય છે: ચીફ જસ્ટિસ

કામ વગરના લોકો સોશિયલ મીડિયા કે એક્ટિવિઝમના નામે તંત્રને નિશાન બનાવે છે

સિનિયર વકીલના પદ માટે લાલચુ એડવોકેટને કોર્ટે ફટકાર્યા

નવી દિલ્હી, તા. ૧૫(પીટીઆઈ) કેટલાક બેરોજગાર યુવાનોની સરખામણી વંદા સાથે કરતા ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્ય કાંતે શુક્રવારે જણાવ્યું હતું કે તેઓ આગળ જતાં મીડિયા, સોશિયલ મીડિયા અને આરટીઆઈ (RTI) કાર્યકર્તાઓ બની જાય છે અને સિસ્ટમ પર હુમલા કરવાનું શરૂ કરી દે છે.

મુખ્ય ન્યાયાધીશ કાંત અને જસ્ટિસ જોયમાલ્ય બાગચીની ખંડપીઠે સીનિયર એડવોકેટના પદ માટે પીછો કરવા બદલ એક વકીલને ફટકાર લગાવતી વખતે આ ટિપ્પણી કરી હતી. ખંડપીઠે જણાવ્યું હતું કે સમાજમાં પહેલેથી જ એવા પરજીવીઓ છે જેઓ તંત્ર પર હુમલો કરે છે અને અરજદારને પૂછ્યું કે શું તેઓ તેમની સાથે હાથ મિલાવવા માંગે છે? ખંડપીઠે અરજદાર વકીલને કહ્યું, આખી દુનિયા સીનિયર (વકીલ) બનવા માટે પાત્ર હોઈ શકે છે, પરંતુ ઓછામાં ઓછા તમે તો તેના માટે હકદાર નથી. અત્યંત વ્યથિત જણાતા મુખ્ય ન્યાયાધીશે અવલોકન કર્યું કે જો દિલ્હી હાઈકોર્ટ અરજદારને સીનિયર એડવોકેટનું પદ આપશે, તો સર્વોચ્ચ અદાલત તેમનું વ્યાવસાયિક આચરણ જોઈને તેને રદ કરી દેશે. મુખ્ય ન્યાયાધીશે અરજદાર દ્વારા ફેસબુક પર વાપરવામાં આવેલી ભાષાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે વધુમાં ઉમેર્યું, વંદા જેવા કેટલાક યુવાનો છે, જેમને કોઈ રોજગાર મળતો નથી કે વ્યવસાયમાં કોઈ સ્થાન મળતું નથી. તેમાંથી કેટલાક મીડિયા બની જાય છે, કેટલાક સોશિયલ મીડિયા, આરટીઆઈ કાર્યકર્તા અને અન્ય કાર્યકર્તાઓ બની જાય છે અને તેઓ દરેક પર હુમલો કરવાનું શરૂ કરી દે છે.

ટ્રમ્પે ચીનમાં શેકેલી બતક સહિત સ્વાદિષ્ટ વાનગીઓની મઝા માણી

જે ભાગ્યે જ મુલાકાતીઓને બતાવવામાં આવે છે તે ઝોંગનાન્હાઇ કમ્પાઉન્ડ પણ ટ્રમ્પને બતાવાયું

ગાર્ડન ટૂર દરમિયાન ટ્રમ્પ ચીની ગુલાબ જોઈને મંત્રમુગ્ધ થયા; જિનપિંગે વ્હાઇટ હાઉસ માટે ગુલાબના બીજ ભેટ આપવાનું વચન આપ્યું

બૈજિંગ, તા. ૧૫: અમેરિકી પ્રમુખ ટ્રમ્પની ચીનની ત્રણ દિવસની મુલાકાત શુક્રવારે પુરી થઇ હતી. ટ્રમ્પને ભોજન સમારંભોમાં અનેક ચીની સ્વાદિષ્ટ વાનગીઓનો આસ્વાદ કરાવવામાં આવ્યો હતો. મેનુની પુરી વિગતો તો જાણવા મળી નથી પણ એમ કહેવાય છે કે ટ્રમ્પે ચીનમાં ભોજનમાં શેકેલી બતક, ગાયની પાંસળીઓ, ઋતુગત શાકભાજી, ધીમી આંચે રાંધેલ સાલ્મન માછલી, આઇસ્ક્રિમ અને વિવિધ પ્રકારના ડેઝર્ટ વગેરેની મઝા માણી હતી.

ટ્રમ્પને ચીનના હેવન ટેમ્પલ સહિતના જોવાલાયક સ્થળો પણ બતાવવામાં આવ્યા હતા. શુક્રવારે અમેરિકી પ્રમુખ ટ્રમ્પને ઝોંગનાન્હાઈની એક દુર્લભ ઝલક જોવા મળી હતી - આ એ ગુપ્ત કમ્પાઉન્ડ છે જે ચીનની કમ્યુનિસ્ટ પાર્ટીના મુખ્યાલય તરીકે સેવા આપે છે. તેમની સત્તાવાર મુલાકાતના અંતિમ કાર્યક્રમો એવા ચા અને વર્કિંગ લંચ પર બેસતા પહેલા, પ્રમુખને ચીનના નેતા જિનપિંગ દ્વારા ગાર્ડન ટૂર કરાવવામાં આવી હતી. ટ્રમ્પે કહ્યું, આ અત્યાર સુધીના કોઈપણ વ્યક્તિએ જોયેલા સૌથી સુંદર ગુલાબ છે. મેં પ્રમુખને પૂછ્યું: 'શું તમે મને રોઝ ગાર્ડન (વ્હાઈટ હાઉસના ગુલાબના બગીચા) માટે થોડા ગુલાબ આપી શકો,' અને તેમણે હા પાડી. મેં ક્યારેય આટલા મોટા ગુલાબ જોયા નથી. એક સુશોભિત પેવેલિયનમાં, ઝીએ ત્યારપછી ખુલાસો કર્યો કે તેઓ પ્રમુખને ગુલાબના બીજ મોકલશે. ત્યારબાદ ટ્રમ્પ એમ કહેતા સાંભળવા મળ્યા હતા કે આ ગુલાબ વ્હાઈટ હાઉસના રોઝ ગાર્ડનમાં રોપવામાં આવશે. પ્રમુખ જ્યારે ઝોંગનાન્હાઈની બહારની જગ્યાઓની મુલાકાત લઈ રહ્યા હતા, ત્યારે મુલાકાત ગમી રહી છે કે કેમ તેવું પૂછવામાં આવતા તેમણે પત્રકારોને અંગૂઠો બતાવીને સહમતિ બતાવી હતી.

પશ્ચિમ એશિયામાં શાંતિ માટે ઈરાનનો ભારતને સાદ

બ્રિક્સ બેઠકમાં ભાગ લેવા દિલ્હી આવેલા અરાગચીએ ભારતને ચાબહાર બંદર પ્રોજેક્ટ નહીં છોડવા કહ્યું

અમેરિકાએ ફરીથી વાતચીત માટે દરખાસ્ત મોકલી હોવાનું પણ જણાવ્યું, શાંતિ માટે ઇરાન ચીનની મદદ લેવા તૈયાર

નવી દિલ્હી, તા. ૧૫: ઈરાન પર અમેરિકા-ઇઝરાયેલ યુદ્ધની આર્થિક અસરો અંગે વધી રહેલી વૈશ્વિક ચિંતા વચ્ચે, ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાગચીએ શુક્રવારે જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયાના લગભગ તમામ દેશો સાથે મૈત્રીપૂર્ણ સંબંધો હોવાને કારણે ભારત આ ક્ષેત્રમાં શાંતિ સ્થાપવામાં મોટી ભૂમિકા ભજવી શકે છે. નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદમાં તેમની આ ટિપ્પણી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અબુ ધાબીમાં આપેલા નિવેદન બાદ આવી છે, જેમાં વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે ભારત આ ક્ષેત્રમાં શાંતિ લાવવા માટે તમામ સંભવિત મદદ કરવા તૈયાર છે. અરાગચી ભારતના યજમાનપદે યોજાયેલી બ્રિક્સ વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેવા માટે રાષ્ટ્રીય રાજધાનીની ત્રણ દિવસીય મુલાકાતે આવ્યા હતા. એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે, હું માનું છું કે ભારત, તેની સારી પ્રતિષ્ઠા સાથે, આ ક્ષેત્રમાં શાંતિ લાવવા અને શાંતિ તથા સુરક્ષાને પ્રોત્સાહન આપવા માટે મોટી ભૂમિકા ભજવી શકે છે. ઈરાનના વિદેશ મંત્રીએ ઉમેર્યું કે, આ ક્ષેત્રમાં ભારત દ્વારા ભજવવામાં આવનારી કોઈપણ સકારાત્મક અને રચનાત્મક ભૂમિકાની અમે પ્રશંસા કરીશું.

હોસ્પિટલ પાસેથી નાણા પડાવવા બોમ્બ મૂક્યો

પુણેની જે હોસ્પિટલે સારવાર માટે મોટી રકમ માગી હતી તેને જ નિશાન બનાવી, ટ્રેનમાંથી પકડાઇ ગયો

પુણે/નાગપુર, ૧૫ મે(PTI): પુણેની એક ખાનગી હોસ્પિટલમાં કથિત રીતે ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (IED) ગોઠવવાના આરોપમાં પકડાયેલા વ્યક્તિએ હોસ્પિટલ પાસેથી પૈસા પડાવવા માટે આવું કર્યું હતું, કારણ કે તેની પાસે સારવાર માટે પૈસા નહોતા, તેમ એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું.

પુણેના માંજરી વિસ્તારમાં ગારમેન્ટની દુકાન ચલાવતા શિવાજી રાઠોડ નામના આ આરોપીને, તે જ્યારે ભાગી જવાનો પ્રયાસ કરી રહ્યો હતો ત્યારે મહારાષ્ટ્ર એન્ટી-ટેરરિઝમ સ્ક્વોડ(ATS) દ્વારા રેલવે પ્રોટેક્શન ફોર્સની મદદથી શાલિમાર એક્સપ્રેસમાંથી ઝડપી લેવામાં આવ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. આ ટ્રેન મુંબઈ LTTથી પશ્ચિમ બંગાળમાં હાવડા નજીક શાલિમાર જઈ રહી હતી. બુધવારે સાંજે પુણેના હડપ્સર વિસ્તારમાં આવેલી ઉષાકિરણ હોસ્પિટલના વોશરૂમમાંથી IED મળી આવ્યા બાદ આ મામલે તપાસ શરૂ કરવામાં આવી હતી. બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ (BDDS) ની ટીમે આ ઉપકરણને નિષ્ક્રિય કરી દીધું હતું. પુણેના પોલીસ કમિશનર અમિતેશ કુમારે પત્રકારોને જણાવ્યું હતું કે, તપાસ દરમિયાન તેની ઓળખ પ્રસ્થાપિત થઈ હતી.

ઇંધણ કરકસર અભિયાનમાં સુપ્રીમ કોર્ટ પણ જોડાઇ

સોમ અને શુક્રવારે સુપ્રીમ કોર્ટ કેસોની સુનાવણી વર્ચ્યુઅલ કરશે

કોર્ટ રજિસ્ટ્રીના ૫૦ ટકા સ્ટાફને દર સપ્તાહે બે દિવસ વર્ક ફ્રોમ હોમની છૂટ

જજો જુદી જુદી કારમાં આવવાને બદલે કાર-પૂલિંગને પ્રોત્સાહન આપશે

નવી દિલ્હી, તા. ૧૫(પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે શુક્રવારે સોમવાર અને શુક્રવારના રોજ માત્ર વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જ કેસોની સુનાવણી કરવાનો નિર્ણય લીધો છે, અને ન્યાયાધીશોએ ઇંધણનો યોગ્ય ઉપયોગ સુનિશ્ચિત કરવા માટે તેમની વચ્ચે કાર-પૂલિંગની વ્યવસ્થાને પ્રોત્સાહન આપવાનો સર્વાનુમતે નિર્ણય કર્યો છે.

પશ્ચિમ એશિયા સંકટને કારણે બિનજરૂરી ખર્ચમાં ઘટાડો કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલા આહવાન બાદ આ પગલું લેવામાં આવ્યું છે. એક પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે, પરચુરણ દિવસોમાં (એટલે કે સોમવાર, શુક્રવાર અથવા અન્ય એવા દિવસો કે જેને પરચુરણ દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યા હોય) લિસ્ટ થયેલા કેસો અને કોર્ટના આંશિક કામકાજના દિવસો દરમિયાન લિસ્ટ થયેલા કેસોની સુનાવણી માત્ર વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જ કરવામાં આવશે.

ગામ ઉભરાટના સ.નં.૧૨૨/૨૪૩-૨૪૪ પૈકી પ્લોટ નં. ૧૯૬ અંગે જાહેર નોટીસ

જી.નવસારી તા. જલાલપોર મોજે ગામ ઉભરાટના રે.સ.નં. ૧૨૨/૨૪૩-૨૪૪ પૈકી, જુના બ્લોક નં. ૮૫૫ પૈકી હાલ બ્લોક નં.૨૫૯૩/૭ વાળી બીનખેતીની જમીનમાં આવેલ રહેઠાણ હેતુના પ્લોટો પૈકી પ્લોટ નં. ૧૯૬ જેનું ક્ષેત્રફળ ૫૦૦ ચો.વાર યાને ૪૧૮.૧૦ ચો.મી. છે તે તેના માલિક વિનોદ સિધ્ધનાથ તિવારી છે. સુરતના હોવાનું તથા મિલકત ચોખ્ખા અને કલીયર ટાઇટલવાલી હોવાનુ જણાવીને મારા અસીલને પ્રત્યક્ષ કબજા સાથે વેચાણ આપવાનુ નક્કી કરેલ છે. મજુકર પ્લોટોવાલી મિલકતમાં કોઇને કેઇપણ જાતને લાગભાગ હક્ક-હિત હિસ્સો અથવા વાંધો હોય તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન : ૭ માં મને લેખિતમાં જાણ કરવી. મુદત વિત્યે તેવા કોઇના હકક હિત નથી અથવા હોય તો તે વેવ કરેલ છે, એમ શુધ્ધબુધ્ધીપુર્વક માનીને પાકો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેવામાં આવશે, અને પાછળથી કોઈની કોઈપણ જાતની તરતકરાર ચાલશે નહી, તેની સર્વેએ નોંધ લેવી.

મારી મારફત : **નીલકંઠરાય જે. વકીલ** (એડવોકેટ)
હે.૮, દર્શના સોસાયટી, નાનપુરા, કદમપલ્લી, સુરત મો.નં.૯૦૩૩૯૫૯૫૩૨

પંજાબ નૈશનલ બૈંક punjab national bank
...भरोसे का प्रतीक ! ...the name you can BANK upon !

બીઓ- ડુમસ રોડ (૪૭૨૯૦૦) : સીટી લાઇટ કોમ્પલેક્ષ, કોર્નર પોઇન્ટ નજીક, સીટી લાઇટ, સુરત - ૩૯૫૦૦૭
Email : bo4729@pnb.bank.in

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બેંક**, ના અધિકૃત અધિકારીએ સિક્યોરાઇઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨(૫૪ ના ૨૦૦૨) અને આ ધારા ૧૩(૧૨) સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના (રૂલ ૩) સાથે વંચાણે લઈ **તા.૧૭.૦૨.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને **દેવાદારો/ગીરવેદાર શ્રી કિશોરે વિષ્ણુ દેશમુખ તે શ્રી વિષ્ણુ દેશમુખ ના પુત્ર (દેવાદાર) અને શ્રી પટેલ કનૈયા સુમનભાઈ (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૯,૮૦,૭૬૧.૩૦/- (અંકે રૂા. નવ લાખ એંસી હજાર સાતસો એકસઠ અને ત્રીસ પૈસા પુરા) તા.૩૧.૦૧.૨૦૨૫** ના રોજ માસિક વધારાનું વ્યાજ અને ચાર્જીસ ખર્ચાઓ આ નોટીસ /તારીખ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદારો આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદાર/જામીનદાર/ગીરવેદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આ ધારા ૧૩(૪) આ ધારાના રૂલ ૮ સાથે સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ વંચાણે લઈ **તા. ૧૦મી મે ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદારો/ગીરવેદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બેંક**ની બાકી રકમ **રૂા.૧૧,૪૧,૯૬૩.૭૨/- (અંકે રૂા. અગિયાર લાખ એકતાલીસ હજાર નવસો ત્રેસઠ અને બોત્તેર પૈસા પુરા) તા.૩૦.૦૪.૨૦૨૬ ના રોજના (તા. ૨૯.૦૪.૨૦૨૬ સુધી વ્યાજ સહિત)** તેના ઉપરનું વ્યાજ વત્તા ને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે સાંઇ દર્શન રેસીડન્સી તરીકે ઓળખાતી રહેણાંકની સોસાયટી નો પ્લોટ નં. ૧૫૪ માપ ૫૩.૩૬ ચો.વાર એટલે ૪૪.૬૨ ચો.મીટર બરાબર (કેજેપી નવો બ્લોક નં. ૧૨૧/૧૫૪ માપ ૪૦.૨૩ ચો.મીટર) વણવહેચાયેલ હિસ્સા સાથે રોડ અને સીઓપી નું એરિયા માપ ૩૦.૧૫ ચો.મીટર, બિનખેતી જમીનનો રેવન્યુ સર્વે નં. ૯૩/૧,બ્લોક નં. ૧૨૧ જેનું આશરે માપ ૨૩૬૬૩ ચો.મીટર, ફાઈનલ પ્લોટ નં. ૧ એરિયા માપ ૧૮,૪૦૦ ચો.મીટર, મુળ પ્લોટ નં. ૧, ટી.પી.સ્કીમ નં. ૧૨ (પુણા) રે.સ.નં. ૫૮૫/૧, બ્લોક નં. ૬૪૪(કેજેપી પહેલા નો બ્લોક નં. ૬૪૪/૧૬) ગામ બગુમરા, સબ ડી. પલસાણા, જી. સુરત ખાતે કિશોરે વિષ્ણુ દેશમુખ ની માલીકીનુ છે. **જેની ચતુર્દિશા : પૂર્વ તરફ : પ્લોટ નં. ૧૩૩, પશ્ચિમ તરફ : જોડેની સોસાયટીનો આંતરીક રોડ, ઉત્તર તરફ : પ્લોટ નં. ૧૫૩, દક્ષિણ તરફ : પ્લોટ નં. ૧૫૫**

તારીખ : ૧૦.૦૫.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

જાહેર નોટીસ - ચેતવણી

જી. સુરત તા. કામરેજ ગામ ખોલવડના સર્વે નં.૩૦૨/૭ જુના બ્લોક નં. ૨૬૫, નવો બ્લોક નં.૨૯૬૮ તથા સર્વેનં.૩૦૨/૩ જુના બ્લોક નં. ૨૩૨, નવો બ્લોક નં.૨૯૩૮ વાળી ખેતીની જમીન કે જેના મૂળ માલિક ગુલામ મહમદ ઇસ્માઇલ મુલ્લા ચાલી આવેલ. તેઓ પાસેથી અમારા અસીલ રાઘવજીભાઇ કલ્યાણભાઇ વિરાણીએ સદર જમીન તા.૨૮.૦૪.૨૦૦૫ ના રોજ વેચાણ રાખેલી. ત્યારબાદ મુળ માલિક ગુજરી જતા વેચાણ સાટાખતની શરતોનુ મુળ માલિકોના વારસોએ ભંગ કરતા સાટાખત પાલનનો દાવો મે. સુરતના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જડજ સાહેબની કોર્ટમાં સ્પે.દિ.મુ.નં. ૫૩૧/૨૦૧૩ થી દાખલ કરેલ. અને સદર જમીનનું કોર્ટ કમીશન કરાવેલ. કોર્ટ કમીશન રીપોર્ટમાં સદર જમીનનો કબજો અમારા અસીલ રાઘવભાઇ વિરાણીનો નોંધાયેલ છે. તેમજ સદર જમીનમાં વિજ કનેકશન પણ મેળવેલુ છે. ત્યારબાદ હુકમત બદલાતા સદર દાવો મે. કઠોરના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જડજ સાહેબની કોર્ટમાં સ્પે.દિ.મુ.નં.૧૧૧/૨૦૧૭ થી નોંધાયેલ. સદર જમીન ચાલુ દાવે વેચાણ થતા વેચાણ રાખનાર શૈલેષભાઇ ગોરધનભાઇ નાકરાણી ને પણ દાવામાં પક્ષકાર દાખલ કરેલ છે. અને તેઓ સામે મનાઈની માંગણી કરવામાં આવેલી છે. જે દાવો કઠોર કોર્ટમાં પેન્ડીંગ છે.

તેમજ સદર જમીન ની હેતુફેરની પરવાનગી કલેકટરશ્રી સુરત પાસેથી મુળ માલિકના વારસોએ મેળવેલી. તેની જાણ અમારા અસીલને થતા તે પ્રકરણની નકલ કઢાવતા ખબર પડેલી કે હેતુફેરના કામે દાવાની હકીકત મુળ માલિકોના વારસોએ છુપાવીને ખોટી એફીડેવીટ તથા સેલ્ફ ડેકલેરેશન કરેલ છે. જેથી હેતુફેરના હુકમ વિરૂધ્ધ અગ્રસચિવ મહેસુલી વિભાગ અમદાવાદ સમક્ષ નં. BKP/ST/24/2024 થી તથા BKP/ST/25/2024 થી તા.૨૬.૦૭.૨૦૨૪ ના રોજ ફેરતપાસ અરજી કરેલ છે. તેમજ સદર જમીન ચાલુ દાવે વેચાણ થયેલ હોય. અને અમારા અસીલનુ સાટાખત રદ થયેલ ન હોય જેથી વેચાણની નોંધો વિરૂધ્ધ નાયબ કલેકટર, કલેકટર તથા હાલમાં અગ્રસચિવ મહેસુલી વિભાગમાં નીચે રીવીઝન અરજી કરેલ છે. જે પેન્ડીંગ છે.

ક્રમ	જુનો બ્લોક નંબર	નવો બ્લોક નંબર	વેચાણ નોંધ નંબર	અગ્રસચિવ મહેસુલી વિભાગ કેસ નંબર
૧	૨૬૫	૨૯૬૮	૧૩૧૬૦	HKP/ST/64/2026
૨	૨૩૨	૨૯૩૮	૧૩૧૫૬	HKP/ST/65/2026
૩	૨૬૫	૨૯૬૮	૧૩૧૬૧	HKP/ST/66/2026
૪	૨૩૨	૨૯૩૮	૧૩૧૫૦	HKP/ST/67/2026
૫	૨૬૫	૨૯૬૮	૧૩૧૫૨	HKP/ST/68/2026
૬	૨૬૫	૨૯૬૮	૧૩૧૫૯	HKP/ST/69/2026
૭	૨૬૫	૨૯૬૮	૧૩૧૫૮	HKP/ST/70/2026
૮	૨૬૫	૨૯૬૮	૧૩૧૫૭	HKP/ST/71/2026
૯	૨૬૫	૨૯૬૮	૧૩૧૪૮	HKP/ST/72/2026
૧૦	૨૩૨	૨૯૩૮	૧૩૧૫૪	HKP/ST/73/2026
૧૧	૨૩૨	૨૯૩૮	૧૩૧૫૫	HKP/ST/74/2026
૧૨	૨૩૨	૨૯૩૮	૧૩૧૫૩	HKP/ST/75/2026
૧૩	૨૩૨	૨૯૩૮	૧૩૧૫૧	HKP/ST/76/2026
૧૪	૨૩૨	૨૯૩૮	૧૩૧૪૯	HKP/ST/77/2026

સદર જમીનનો કબજો અમારા અસીલનો ચાલી આવેલો છે. જેથી સદર જમીન તકરારી જમીન છે. તેમજ અમારા અસીલે ફોજદારી કાર્યવાહી પણ કરેલી છે. જેથી લેભાગુ અને જાતે કરીને જોખમ ઉભુ કરનાર વ્યકિત પાસેથી માત્ર ૭/૧૨ ના આધારે કબજા વગરની કોઇએ પણ ખરીદવી હિતાવહ નથી. આમ, કોઇ વ્યકિત આ શખ્સથી છેતરાઇ ન જાય તેથી આમજનતાને ચેતવણી આપવા માટે આ જાહેર નોટીસ-ચેતવણીપ્રસિધ્ધ કરવાની ખાસ ફરજ પડેલ છે.

ઓ. ૨૦૧, રોમન પોઈન્ટ, હિરાબાગ, વરાછા રોડ, સુરત. મો. ૯૪૨૬૧ ૦૫૦૫૭.
આર. વી. કોરાટ
સ્પે. દી.મુ.નં. ૧૧૧/૨૦૧૭ના દાવાના વાદીના એડવોકેટ

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, નવસારી ડીસ્ટ્રીકટ તાલુકો જલાલપોર ગામ મોજે ડાલકીના જુનો બ્લોક નં.૩૫/બ, નવો બ્લોક/સર્વે નં. ૪૨ ના થી નોંધાયેલી જુની શરતની ખેતી જમીન કે જેનું કુલ ક્ષેત્રફળ ૮૫૪૨.૦૦ ચો.મી. તથા આકાર રૂા.૮.૩૪ છે. તે ખેતીની જમીનના માલિક મુખત્યાર અને પ્રત્યક્ષ કબજેદાર ગુલામ હૈદર મુરતુજા અનવર ચાલી આવેલ હોવાનું જણાવી તેઓએ સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદર જમીનમાં જો કોઈપણ વ્યકિત, ઈસમ યા સંસ્થાનો કે બેંકનો હકક, હીસ્સો, હીત, સંબંધ, લાગભાગ, કબજો ભોગવટો, ચાર્જ, બોજો યા લીયનના હકકો હોય તો તેવી વ્યકિતઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં લેખિત દસ્તાવેજી પુરાવા સહિતના વાંધાઓ અમારા સરનામે રજુ કરવા અને જો તેમ કરવામાં કસુર થશે તો અમારા અસીલ મુદત વીત્યેથી સદર જમીનના ઉપરોકત માલિકો કનેથી સદરહુ જમીનની ખરીદી અંગેના લખાણો કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈ પણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી, જેની આથી જાહેર જનતાએ નોંધ લેવી.

મારી મારફત **પિયુષ એસ. રાણા** તે ખરીદનારના એડવોકેટ
ઓફિસ : ૧૧૯, કાશીનગર સોસાયટી, એમરોન બેટરીની બાજુમાં, ૧૨૦ ફૂટ બમરોલી રોડ, ઉધના, સુરત-૩૯૪૨૧૦.

:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::

સુરત ડીસ્ટ્રીકટ, અડાજણ સબ ડીસ્ટ્રીકટના મોજે ગામ પીસાદના રેવેન્યુ સર્વે નંબર :- ૧૯ તથા ૨૦/૨, બ્લોક નંબર : ૨૯ થી નોંધાયેલ જમીન કે જેનો ટી.પી સ્કીમ નંબર : ૪૫ (જહાંગીરપુરા-પીસાદ), ફાયનલ પ્લોટ નંબર : ૩૯ વાળી બિનખેતીની જમીનમાં આયોજીત "પારિજાતનગર" નામે ઓળખાતી સોસાયટીમાં રહેઠાણના હેતુસર પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નંબર : ૭૦/એ કે જેનું ક્ષેત્રફળ સુમારે ૭.૮૮ × ૧૩.૩૦ ચો.મી. યાને ૧૦૪.૮૦ ચો.મી. ખુલ્લા પ્લોટ વાળી મિલકત (૧) રમેશભાઈ છગનભાઈ રાઠોડ(HUF), (૨) જીવરાજભાઈ ગોરધનભાઈ સવાણી તથા (૩) પરસોત્તમભાઈ નારાયણભાઈ પરમાર નાઓએ પોતાની સંયુકત માલિકી, પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ જમીન અંગે કોઈ વ્યકિત, સંસ્થા યા અન્ય કોઈનો કોઈ પણ પ્રકારના હકકો લાગભાગ, દરદાવા, ઈઝમેન્ટના હકકો યા સદર વેચાણ સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૦૭ માં અમોને લેખિત પુરાવા સહીત રૂબરૂ મળવું. મુદત વીત્યે મજકુર પ્લોટમાં કોઇના કોઇ પણ જાતના હકકો નથી કે કોઇ વાંધો કે તકરાર નથી અથવા વેવ કર્યા યાને છોડી દીધા છે. તેમ ગણી અમારા અસીલ મજકુર પ્લોટનો પાકો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની આથી જાહેર જનતાએ છેવટની નોંધ લેવી.

ઓફિસ : ૩૦૨, સ્ટેટસ બિલ્ડીંગ, પાલીયા શેરી, નાનપુરા, સુરત.
મો. ૯૭૨૭૭૮૫૯૯૮/૯૬૦૧૮૯૮૯૯૯ (તા. ૧૬/૦૫/૨૦૨૬)
નિતેશકુમાર એચ. પટેલ
તપન એમ. મોઢીયા
દર્શના એન. પટેલ
તે ખરીદનારના એડવોકેટસ્

:: મીલ્કતના ટાઇટલ બાબતેની જાહેર નોટીસ ::

નવસારી ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ નવસારી ના ગામ મોજે પારડી ના રે.સ./બ્લોક નં. **૧૪૬/પૈકી ૧** વાળી મિલકત **મે. બ્રીઝેરા વોટર પ્રા. લિ.** ની એકલાની સ્વતંત્ર, માલિકી તથા કબજા ભોગવટાની ચાલી આવેલી હોવાનું જણાવી તે મિલ્કત અમારા અસીલ બેંક કનેથી ગીરો કરવાના હેતુથી અમારી કને સદર મીલકત ના ટાઇટલ અંગેનો અભિપ્રાય ની માંગણી કરી જણાવે છે કે સદરહું મિલ્કત ના અગ્રહકકધારી તરફેણમાં સબરજીસ્ટ્રારશ્રી નવસારી ની કચેરીમા તા. **૯.૧૦.૨૦૧૩** ના રોજ અનુ. નં. **૬૩૬૦** થી નોંધાયેલ વેચાણ દસ્તાવેજની ની **નોંધણી ફી ભર્યાની અસલ પાવતી** તેમનાથી ગેરવલ્લે થઇ ગયેલ છે યાં ખોવાઈ ગયેલ છે જે ખુબ શોધવા છતાં તેમને મળી આવતી નથી તેમ જણાવે છે, તે સંજોગોમાં સદર અસલ પાવતી કોઈપણ બેંક યા નાણાકીય સંસ્થા યા વ્યકતીના કબજામાં ઉપરોકત મિલ્કત ગીરો કરવાના હેતુથી કબજે રાખેલ હોય યા સદરહુ મિલ્કત પર કોઇના કોઇપણ પ્રકારના ચાર્જ, બોજા કે લીયનના યા અન્ય કોઈપણ પ્રકારના હક્ક, હિત, અધિકાર કે હક્કો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી **દિન-૭** માં તેમના વાંધા તે અંગેના દસ્તાવેજી પુરાવાઓ સહિત હમોને મોકલી આપવા. તેમાં કસુર થયેથી સદરહું મિલ્કતમાં હિત ધરાવનારાઓએ સદરહુ મિલ્કત પરત્વેના તેમના તમામ હક્ક, અધિકાર વેવ કરેલા યા જતા કરેલા હોવાનું માની અમો સદરહુ મીલકતનું ટાઇટલ બાબતે અમારો અભિપ્રાય આપીશું. અને તે આધારે અમારા અસીલ બેંક સદર મીલ્કતનું ગીરોખત કરશે અને તે મીલકત ઉપર અમારા અસીલ બેંકનો પ્રથમ ચાર્જ રહેશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તક તકરાર ચાલશે નહી તેની આથી છેવટની નોંધ લેવી.

તા. ૧૬/૦૫/૨૦૨૬
સરનામુ: ઓફીસ નં. ૪૦૧૫-૪૦૧૬, વર્લ્ડ બીઝનેસ સેન્ટર, (જુના WTC) રીંગરોડ, સુરત.
બિમલ રજનીકાંત દેસાઈ
ઋજુ મિતલ દેસાઈ
એડવોકેટ્સ

સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા
હોમ લોન સેન્ટર-૨ શાખા (૬૩૬૯૨), બીજો માળ, ૨૧૩-૨૧૯, રીયો એમ્પાયર, આર.ટી.ઓ. પાલ સામે, સુરત-૩૯૫૦૦૯ E-mail - sbi.63692@sbi.co.in

જાહેર ઈ-હરાજી નોટીસ
આથી જાહેર જનતાને જણાવવાનું કે, ભારતીય સ્ટેટ બેંક દ્વારા ધિરાણ કરેલ વાહનની જપ્તી કરી તમામની જાહેર ઈ-હરાજી રાખેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

અ.નં.	લેણદારનું નામ	વાહન નંબર, બનાવટ તથા વાહન નું મોડેલ	અનામત કિમંત રૂા.	પાર્કીંગનું સરનામું
૧.	જયેશકુમાર ભિખુભાઈ રામાણી	Hyundai Grand i10 Nios MT Sportz- (August 2023) GJ 05 RU 7287	૪,૨૫,૦૦૦/- (જીએસટી સહિત)	૧૨ સુસેન- તરસાલી રિંગરોડ, ભગત કોલોની, મકરપુરા જીઆઈડીસી, માંજલપુર, વડોદરા, ગુજરાત-૩૯૦૦૧૦.

EMD રકમ રૂા.૪૨,૫૦૦/- તા.૨૯/૦૫/૨૦૨૬ બપોરે ૩.૫૦ વાગ્યા સુધીમાં જમા કરવાની રહેશે. વાહનના નિરીક્ષણ ઉપરોકત જણાવેલ સ્થળ પર તારીખ ૨૨/૦૫/૨૦૨૬ બપોરે ૨.૦૦ થી ૪.૦૦ દરમ્યાન કરી શકાશે. ઈ-ઓકશન તારીખ ૨૯/૦૫/૨૦૨૬ સવારે ૧૧.૦૦ થી સાંજે ૪ કલાક દરમ્યાન Online થશે. (ઉપરોકત સાધન "જે છે જયાં છે" સ્થિતિમાં જ વેચાણ કરાશે.) ઈ-ઓકશનમાં ભાગ લેવા સંપર્ક : web portal : https://baanknet.com (વધુ માહિતી માટે અમારી વેબસાઈટ https://baanknet.com; https://bank.sbi/web/sbi-in-the-news/auction-notices/bank-e-auctions અથવા ઉપરના સરનામે અધિકૃત અધિકારીનો બેંકના કામકાજ ના સમય દરમ્યાન સંપર્ક કરી શકાશે. (મો.૯૮૭૫૧૫૭૩૪૫, ૭૦૪૩૪૪૯૧૩૧)
સ્થળ : સુરત. તારીખ:૧૫/૦૫/૨૦૨૬
નોંધ: કોઈપણ કારણ વગર બીડનો સ્વીકાર / અસ્વીકાર કરવાનો અધિકાર બેન્કનો રહેશે.
સહિ/- અધિકૃત અધિકારી અને મુખ્ય પ્રબંધક ભારતીય સ્ટેટ બેંક, હોમ લોન સેન્ટર-૧, સુરત.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા
હોમ લોન સેન્ટર-૨ શાખા (૬૩૬૯૨), બીજો માળ, ૨૧૩-૨૧૯, રીયો એમ્પાયર, આર.ટી.ઓ. પાલ સામે, સુરત-૩૯૫૦૦૯ E-mail - sbi.63692@sbi.co.in

જાહેર ઈ-હરાજી નોટીસ
આથી જાહેર જનતાને જણાવવાનું કે, ભારતીય સ્ટેટ બેંક દ્વારા ધિરાણ કરેલ વાહનની જપ્તી કરી તમામની જાહેર ઈ-હરાજી રાખેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

અ.નં.	લેણદારનું નામ	વાહન નંબર, બનાવટ તથા વાહન નું મોડેલ	અનામત કિમંત રૂા.	પાર્કીંગનું સરનામું
૧.	હીરલ મનુભાઈ રંગાણી અને મનુભાઈ વિઠ્ઠલભાઈ રંગાણી	Tata Nexon Fearless + s Top Model Diesel (October 2024) GJ 05 RZ7371	૯,૫૦,૦૦૦/- (જીએસટી સહિત)	૧૨ સુસેન- તરસાલી રિંગરોડ, ભગત કોલોની, મકરપુરા જીઆઈડીસી, માંજલપુર, વડોદરા, ગુજરાત-૩૯૦૦૧૦.

EMD રકમ રૂા.૯૫,૦૦૦/- તા.૨૬/૦૫/૨૦૨૬ બપોરે ૩.૫૦ વાગ્યા સુધીમાં જમા કરવાની રહેશે. વાહનના નિરીક્ષણ ઉપરોકત જણાવેલ સ્થળ પર તારીખ ૨૨/૦૫/૨૦૨૬ બપોરે ૨.૦૦ થી ૪.૦૦ દરમ્યાન કરી શકાશે. ઈ-ઓકશન તારીખ ૨૬/૦૫/૨૦૨૬ સવારે ૧૧.૦૦ થી સાંજે ૪ કલાક દરમ્યાન Online થશે. (ઉપરોકત સાધન "જે છે જયાં છે" સ્થિતિમાં જ વેચાણ કરાશે.) ઈ-ઓકશનમાં ભાગ લેવા સંપર્ક : web portal : https://baanknet.com (વધુ માહિતી માટે અમારી વેબસાઈટ https://baanknet.com; https://bank.sbi/web/sbi-in-the-news/auction-notices/bank-e-auctions અથવા ઉપરના સરનામે અધિકૃત અધિકારીનો બેંકના કામકાજ ના સમય દરમ્યાન સંપર્ક કરી શકાશે. (મો.૯૮૭૫૧૫૭૩૪૫, ૭૦૪૩૪૪૯૧૩૧)
સ્થળ : સુરત. તારીખ:૧૫/૦૫/૨૦૨૬
નોંધ: કોઈપણ કારણ વગર બીડનો સ્વીકાર / અસ્વીકાર કરવાનો અધિકાર બેન્કનો રહેશે.
સહિ/- અધિકૃત અધિકારી અને મુખ્ય પ્રબંધક ભારતીય સ્ટેટ બેંક, હોમ લોન સેન્ટર-૧, સુરત.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા
હોમ લોન સેન્ટર-૨ શાખા (૬૩૬૯૨), બીજો માળ, ૨૧૩-૨૧૯, રીયો એમ્પાયર, આર.ટી.ઓ. પાલ સામે, સુરત-૩૯૫૦૦૯ E-mail - sbi.63692@sbi.co.in

જાહેર ઈ-હરાજી નોટીસ
આથી જાહેર જનતાને જણાવવાનું કે, ભારતીય સ્ટેટ બેંક દ્વારા ધિરાણ કરેલ વાહનની જપ્તી કરી તમામની જાહેર ઈ-હરાજી રાખેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

અ.નં.	લેણદારનું નામ	વાહન નંબર, બનાવટ તથા વાહન નું મોડેલ	અનામત કિમંત રૂા.	પાર્કીંગનું સરનામું
૧.	પ્રણવ વિમલભાઈ રાવલ	Hyundai i20 Asta (0) Top Model (September 2024) GJ 05 RY 4612	૭,૫૦,૦૦૦/- (જીએસટી સહિત)	૧૨ સુસેન- તરસાલી રિંગરોડ, ભગત કોલોની, મકરપુરા જીઆઈડીસી, માંજલપુર, વડોદરા, ગુજરાત-૩૯૦૦૧૦.

EMD રકમ રૂા.૭૫,૦૦૦/- તા.૨૫/૦૫/૨૦૨૬ બપોરે ૩.૫૦ વાગ્યા સુધીમાં જમા કરવાની રહેશે. વાહનના નિરીક્ષણ ઉપરોકત જણાવેલ સ્થળ પર તારીખ ૨૨/૦૫/૨૦૨૬ બપોરે ૨.૦૦ થી ૪.૦૦ દરમ્યાન કરી શકાશે. ઈ-ઓકશન તારીખ ૨૫/૦૫/૨૦૨૬ સવારે ૧૧.૦૦ થી સાંજે ૪ કલાક દરમ્યાન Online થશે. (ઉપરોકત સાધન "જે છે જયાં છે" સ્થિતિમાં જ વેચાણ કરાશે.) ઈ-ઓકશનમાં ભાગ લેવા સંપર્ક : web portal : https://baanknet.com (વધુ માહિતી માટે અમારી વેબસાઈટ https://baanknet.com; https://bank.sbi/web/sbi-in-the-news/auction-notices/bank-e-auctions અથવા ઉપરના સરનામે અધિકૃત અધિકારીનો બેંકના કામકાજ ના સમય દરમ્યાન સંપર્ક કરી શકાશે. (મો.૯૮૭૫૧૫૭૩૪૫, ૭૦૪૩૪૪૯૧૩૧)
સ્થળ : સુરત. તારીખ:૧૫/૦૫/૨૦૨૬
નોંધ: કોઈપણ કારણ વગર બીડનો સ્વીકાર / અસ્વીકાર કરવાનો અધિકાર બેન્કનો રહેશે.
સહિ/- અધિકૃત અધિકારી અને મુખ્ય પ્રબંધક ભારતીય સ્ટેટ બેંક, હોમ લોન સેન્ટર-૧, સુરત.